# ગાંધીજીના સ્ત્રી કેળવણી વિષયક વિચારો

ડૉ. સોનલ પી. પટેલ
અધ્યાપિકા, હિન્દીબી.એડ્. વિભાગ
શિક્ષણ વિદ્યાશાખા(IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14

## સારાંશ

મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતિનું આ વર્ષ છે અને એટલા માટે જ આપણે એમની યાદોને ભેગી કરીને એમના હિંદી સ્ત્રીઓનો ઉદ્ધાર અને સ્ત્રીકેળવણી વિષયક વિચારો વિશે સમજીશું. ગાંધીજી માનતા હતાં કે અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો ને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને છે. દહેજનો કુરિવાજ નાબૂદ થવો જ જોઈએ. લગ્ન એટલે માતા-પિતાએ પૈસા માટે કરેલો સોદો એ મટવું જ જોઈએ.સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ મળવું જોઈએ એમ હું માનું છું પણ હું એમ અવશ્ય માનું છું કે સ્ત્રી પુરૂષની નકલ કરીને કે તેની સાથે દોડમાંઉતરીને જગતના હિતમાં પોતો ફાળો નહીં આપી શકે. પુરૂષની સાથે એ દોડી તો શકશે, પણ તે પુરૂષની નકલ કરવા જશે તો જે ઊંચાઈ સુધી ચડવાની પોતાની શક્તિ છે ત્યાં લગી ચડી નહીં શકે. સ્ત્રીએ તો પુરૂષની પૂર્તિરૂપ બનવું રહ્યું છે. પુરૂષ જે કરી જ ન શકે તે એણે કરવાનું છે. ગાંધીજીના સ્ત્રી કેળવણીના વિષયક વિચારોને વર્તમાન પરિસ્થિતિઓના સંદર્ભમાં વિચારીએ તો આજે પણ તે વિચારોની સાર્થકતા એટલી જ છે જે તે સમયે પણ હતી. ગાંધીજી પણ માનતાં કે સમાજમાં વર્તવાના કે વહેવાર કરવાના નિયમો સ્ત્રીને પુરૂષ બંને પરસ્પર સહકારને સમજૂતીથી નક્કી કરે. એ નિયમોનાપાલનને માટે બહારની કોઈ સત્તાની જબરદસ્તી કામ ન આવે.

**ચાવીરૂપ શબ્દો, સ્ત્રી- પુરૂષ સમાનતા, સ્ત્રી સન્માન, સ્ત્રી કેળવણી.**

### પ્રસ્તાવનાઃ

પરમેશ્વરની હિંદુસ્તાન પર ઘણી મહેર રહી છે. અનાદિ કાળથી આજ પર્યંત અનેક મહાપુરુષો અહીં અવતર્યા છે, અને અહીંના જીવનને ઓછુવત્તુ સમૃદ્ધ કરતા ગયા છે. એ મહાપુરુષોની પરંપરાની છેલ્લી કડી ગણાય તેવા અને હવે પછી આવનારામહાપુરુષોનીશ્રેણીમાં પ્રથમ ગણાય તેવા ગાંધીજી હતા. ભૂતકાળમાં મહાપુરુષોએ આપણને જે કાંઈ આપ્યુ તેનો સાર આપણે ગાંધીજીમાં પામ્યાં અને ભવિષ્યમાં જે અસંખ્ય મહાપુરુષો થયા એમના બીજ પણ ગાંધીજીમાં પામ્યા. દરેકની પોતપોતાની વિશેષતા તો હોય છે જ પરંતુ મહાપુરુષોમાં પણ પુરાતન પરંપરાનું ફળ અને નૂતન પરંપરાનું બીજ જેમના જીવનમાં એકત્ર થઈ ગયું હોય એવા તો વિરલ જ હોય છે, એવા વિરલ મહાપુરુષો પૈકી ગાંધીજી એક હતા.

મહાત્મા ગાંધીજીની 150મી જયંતિનું આ વર્ષ છે. અને એટલા માટે જ આપણે એમની યાદોનેસમેટીને, એમના વ્યક્તિત્વને લોકો સુધી મૂકવાનો આ સંનિષ્ઠ પ્રયાસ કરેલ છે. ગાંધીજીબાળપણમાં ખૂબ જ શરમાળ સ્વભાવના હતા. એ સ્વભાવમાંથી ધીમે ધીમે તેઓ બહાર આવ્યા. ઘણી વખત તો બાપુએ બીજાની જિંદગીને સારી બનાવવા માટે ઘણાં કડક નિર્ણયો પણ લીધા હતા. તેમના લગ્ન નાની ઉંમરમાં થઇ ગયા હતા. જ્યારે વર્ષો પહેલાં આપણા સમાજમાં પતિઓ માટે તેમની પત્ની એ માત્ર ઉપનીવેરાથી વધારે કંઇ ન હતું. તે સમયે ગાંધીજીએ પોતાની પત્ની બિમાર હતી ત્યારે ખૂબ સેવા કરી. અને એમણે સમાજને એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હવે આપણે ગાંધીજીના જ શબ્દોમાં હિંદી સ્ત્રીઓનો ઉદ્ધાર અને સ્ત્રી કેળવણી વિષયક વિચારો વિશે જોઇશું.

### હિંદી સ્ત્રીઓનો ઉદ્ધાર

જે રૂઢિ અને કાયદાનાઘડતરમાં સ્ત્રીનો કશો હિસ્સો નહોતો ને જેને માટે કેવળ પુરુષ જ જવાબદાર છે તે કાયદા ને તે રૂઢિના જુલમ નીચે સ્ત્રી કચડાતી આવી છે. અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો ને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને છે. પણ અહિંસક સમાજની વ્યવસ્થામાં જે અધિકાર કે હક મળે છે તે કોઈ ને કોઈ ફરજ કે ધર્મના પાલનમાંથી ફલિત થાય છે, તેથી એ વાત પણ સ્વીકારવી જોઈએ કે સમાજમાં વર્તવાના કે વહેવાર કરવાના નિયમો સ્ત્રી ને પુરુષ બંને પરસ્પર સહકાર ને સમજૂતીથી નક્કી કરે. એ નિયમોનાપાલનને

માટે બહારની કોઈ સત્તાની જબરદસ્તી કામ ન આવે. સ્ત્રીઓ સાથેના પોતાના વર્તનમાં કે વહેવારમાં પુરુષોએ આ સત્યને પૂરેપૂરું ઓળ્યું નથી. સ્ત્રીને પોતાની મિત્ર કે સાથી ગણવાને બદલે પુરુષે તેનો સ્વામી કે ધણી માન્યો છે. હિંદુસ્તાનનીસ્ત્રીઓને આ હલકા દરજ્જા પરથી હાથ પકડીને ઉપર લેવાનો ખાસ અધિકાર મહાસભાવાદીઓનો છે. જૂના જમાનાના ગુલામને ભાન નહોતું કે મારે સ્વતંત્ર થવાનું છે અથવા મારાથી સ્વતંત્ર થવાય. આજે સ્ત્રીની દશા પણ કંઈક એવી જ છે. પેલા ગુલામને જ્યારે મુક્ત મળી ત્યારે થોડો વખત તેને એમ લાગ્યું કે મારો આધાર જતો રહ્યો. સ્ત્રીઓને એવું શીખવવામાં આવ્યું છે કે તમારે આપમેપુરુષોનાં ગુલામ છીએ એમ માનવું. અહીં મહાસભાવાદીઓની ફરજ એ છે કે તેઓ સ્ત્રીઓને પોતાના અસલ  સંપૂર્ણ દરજ્જાનું ભાન કરાવ, અને જીવનમાં પુરુષ સાથે સરખા દરજ્જાથી પોતાનો ભાગ લેવાને તેમને કેળવીને લાયક બનાવે.

એક વખત મનનો સંકલ્પ થઈ જાય પછી આ ક્રાંતિનું કાર્ય સહેલું છે. તેથી મહાસભાવાદીઓ તે ક્રાંતિની શરૂઆત પોતાના ઘરથી કરે. પોતાની ધણિયાણીઓનેમનરમાડો કરવાની ઢીંગલીઓ કે ભોગવિલાસનું સાધન માનવાને બદલે તેમને સેવાના સમાન કાર્યમાં સન્માન્ય સાથીઓ ગણવી, આટલા ખાતર જે સ્ત્રીઓને શાળા કે કૉલેજની કેળવણી મળી નથી તેઓ બની શકે તેટલું શિક્ષણ પોતાના પતિ પાસેથી મેળવે. જે વાત પત્નીઓની તેવી ઘટના ફેરફારો સાથે માતાઓની ને દીકરીઓનીસમજવાની છે.

એ જણાવવાની જરૂર નથી કે હિંદની સ્ત્રીઓની લાચાર દશાનું મેં એક જ બાજુનું ચિત્ર દોર્યું છે. હું આ વાત બરાબર જાણું છું કે ગામડાંઓમાં સ્ત્રીઓ પોતાના પુરુષવર્ગની સામે બરાબર ટક્કર લે છે અને કેટલીક બાબતોમાં તો તેમના પર સરસાઈ ભોગવે છે, ને દોર ચલાવે છે. પણ બહારથી આપણને જોનાર કોઈ પણ તટસ્થ માણસ કહેશે કે આપણા આખા સમાજમાં સ્ત્રીને કાયદાથી ને રૂઢિથી જે દરજ્જો મળે છે તે ઘણી ખામીવાળો છે અને તેમાં ધરમૂળથી સુધારો કરવાની જરૂર છે.

કાયદો ઘડવાનું કાર્ય ઘણે ભાગે પુરુષોને હસ્તક રહેલું છે. તેણે હંમેશાં વિવેકદૃષ્ટિ વાપરેલી જોવામાં નથી આવતી... ત્યારેસ્ત્રીજાતિની અવનતિ દૂર કરવામાં મહાભગીરથ પ્રયત્ન તો હિંદુ ધર્મશાસ્ત્રમાં જ સ્ત્રીઓને વિષે રહેલા આક્ષેપો દૂર કરવાનો છે. એ પ્રયત્ન કોણ કરે અને કેમ થઈ શકે ? મારી અલ્પમતિ પ્રમાણે મુખ્યત્વે એ પ્રયત્ન કરવાને સારુ આપમે સીતા, દમયંતી, દ્રૌપદીના જેવી પવિત્રતાવાળી, તેઓના જેવી અતિશય આગ્રહવાળી, સંયમી સ્ત્રીઓ પેદા કરવી પડશે. એ વેળા, આ સતીઓનેપૂજનારો હિંદુ સંસાર આધુનિક સતીઓને પણ પૂજશે, તેઓના વચન શાસ્ત્રપ્રમાણ જેવાં ગણી હિંદુ સંસાર ઝીલી લેશે, અને સ્મૃતિઆદિમાં રહેલા કટાક્ષોથી આપણે લાજીશું અને તેને ભૂલી જઇશું. આવાં પરિવર્તન હિંદુ ધર્મમાં સદાય થતાં આવ્યાં છે અને થશે. તેથી એ ધર્મ આજ લગી નભી રહ્યો છે અને નભ્યા કરશે.

સ્ત્રી એ પુરુષની સહચારિણી છે, તેના સરખા જ મનવાળી છે. પુરુષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએજાણવાનો તેને અધિકાર છે, જેટલી છૂટ પુરુષ ભોગવે છે તેટલી જ તેને ભોગવવાનો હક છે, અને જેમ પુરુષ પોતાના ક્ષેત્રમાં સર્વોપરી છે તેમ સ્ત્રી પોતાના ક્ષેત્રમાં છે. આ સ્થિત સ્વાભાવિક હોવી જોઈએ. એ કાંઇ અક્ષરજ્ઞાનનાં પરિણામ નહીં હોય. અજ્ઞાનરૂપીઅંધકૂપમાં ડૂબેલા જડ પુરુષો પણ કૂડીપ્રથાને લીધે, ન શોભી શકે, ન ભોગવી શકે તેવો અધિકાર સ્ત્રીઓ ઉપર ભોગવે છે. સ્ત્રીઓની આ દશાને લીધે આપણી ઘણી પ્રવૃત્તિઓ અડધે જઈ અટકી પડે છે. આપણાં ઘણાં કાર્યો પૂરાં શોભીનીકળતાં નથી. અર્ધી મૂડીથી જ વેપાર કરનારા વેપારીના જેવી આપણી સિદ્ધી છે.

## સ્ત્રી-પુરુષ સમાનતા

સ્ત્રીઓના અધિકારો વિષે એક બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી. મારા મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ.

જાતીય સમાતનાનો અર્થ કંઈ એવો નથી કે બંનેએ ધંધા પણ એક જ કરવા. શિકાર મારવા નીકળવું અગર તો ભાલાફેંકમાંપાવરધાં થવું એ સામે સ્ત્રીને સારુ સ્ત્રી તરીકે કાયદેસરની મનાઇ ભલે ન રાખવામાં આવે, પણ અંતરપ્રેરણાથી જ એવા કામથી સ્ત્રી મોં ફેરવશે. એવું કામ પુરુષ જ કરે. કુદરતે સ્ત્રી પુરુષ બેઉને એકબીજાની અવેજી થવા સારુ  નહીં પણ એકબીજાનાં પૂરક થવા સારુ સરજ્યાં છે. તેમનાં કામો તેમના દેહનાઘડતરની પેઠે જ કુદરતે નક્કી કરી આપ્યાં છે.

## લગ્ન

જો આપણે સ્ત્રીપુરુષ સંબંધને તંદુરસ્ત અને પવિત્ર દૃષ્ટિએ જોઈએ અને આપણી જાતને ભાવી પેઢીના નૈતિક કલ્યાણના ટ્રસ્ટી તરીકે લેખીએ તો અત્યારનાં મોટા ભાગનાં દુઃખોનિવારી શકાય એમાં શંકા નથી.

વિવાહ કરવો સ્વાભાવિક વસ્તુ છે, અને તેમાં કાંઇ શરમાવા જેવું નથી... આથી વધારે સારું તો એ છે કે વિવાહનેય ધર્મ સમજવો અને તેમાં સંયમનું પાલન કરવું.

## પડદો

પવિત્રતા એ કૃત્રિમ વસ્તુ નથી. પરદાની ફરતી દીવાલથી તેનું રક્ષણ થઇ શકે નહીં. એ અંદરથી ઊગીનીકળવી જોઇએ, અને તેનામાં કોઇ પણ વણમાગ્યાપ્રલોભનની સામે ટકી રહેવાની શક્તિ હોય તો જ તેની કિંમત છે.

અને સ્ત્રીઓની પવિત્રતા માટે આ બધી રોગિષ્ઠ ચિંતા શા માટે ?પુરુષોની પવિત્રતા માટે સ્ત્રીઓની ચિંતા વિષે આપણે કશું સાંભળતા નથી. સ્ત્રીઓની પવિત્રતાને નિયમનમાં રાખવાનો હક પુરુષોએ શા સારુ પચાવી પાડવો જોઇએ ? પવિત્રતા બહારથી લાદી ન શકાય. એ અંદરથી ઊગારનારી વસ્તુ છ અને તેથી તે વ્યક્તિગત પ્રયત્નથી જ સિધ્ધ થઇ શકે.

## દહેજની પ્રથા

આ (દહેજનો) કુરિવાજ નાબૂદ થવો જ જોઇએ. લગ્ન એટલે માતાપિતાએ પૈસા માટે કરેલો સોદો એ મટવું જ જોઇએ. આ રિવાજને નાતની પ્રથા સાથે ધાડો સંબંધ છે. જ્યાં સુધી અમુક નાતનાં કેટલાંક સો યુવાનયુવતીઓમાંથી જ લગ્નની પસંદગીનો સવાલ રહેશે, ત્યાં સુધી તમે ગમે તેટલો વિરોધ કરો તોય આ પૈસાનાસોદાની પ્રથા રહેવાની જ. એટલે, એ જો નિર્મૂળ કરવી હોય તો યુવાનો, યુવતીઓ અથવા એમનાં માબાપે આ નાતની વાડાબીંતોડ્યે જ છૂટકો. ઉપરાંત લગ્નની વય પણ વધારવી જ જોઇશે; અને જરૂર પડે તો, એટલે કે જો યોગ્ય વર ન મળે તો, યુવતીઓએ બ્રહ્મચારિણી રહેવાનીય હિંમત કરવી જોઇશે. આ બધાનો અર્થ એ થયો કે, રાષ્ટ્રનાનવયુવાનોનામાનસમાં ક્રાંતિ કરી દે એ જાતની કેળવણી હોવી જોઇએ.

દહેજને લગ્નની શકત તરીકે રજૂ કરનાર યુવક તેની કેળવણી અને દેશને બટ્ટો લગાડે છે અને સ્ત્રીજાતિનું અપમાન કરે છે. આપણા દેશમાં ઘણી યુવક પ્રવૃત્તિ ચાલે છે. હું ઇચ્છું છું કે એ પ્રવૃત્તિ આ પ્રકારના સવાલો હાથ ધરશે. આ જાતનાં મંડળો અંદરથી નક્કર સુધારો કરનારી પ્રતિનિધિ સંસ્થાઓબનવાને બદલે ઘણી વાર આત્મશ્લાધા કરનારી મંડળીઓ બની બેસે છે.... દહેજ જેવી પાપી પ્રથાની સામે મજબૂત લોકમત કેળવવો જોઇએ અને એવા અધમ ધનથી પોતાની આંગળીઓખરડનારયુવકોનોસમાજમાંથી બહિષ્કાર કરવો જોઇએ. કન્યાઓનાં માબાપે અંગ્રેજી ડિગ્રીથી અંજાઇ જવું ન જોઇએ અને પોતાની પુત્રીઓને માટે નિષ્ઠાવાન, સ્ત્રીદાક્ષિણ્યનીભાવનાવાળા વર મેળવવા માટે તેમની નાનકડી જ્ઞાતિ કે પ્રાંતની બહાર જતાં અચકાવું ન જોઇએ.

## વિધવાવિવાહ

પોતાના પતિના પ્રેમનો અનુભવ કરેલો હોય એવી સ્ત્રી વિધવા થયે ઇચ્છાપૂર્વક પોતાનું વૈધવ્ય સ્વીકારી લે તો તે વૈધવ્ય જીવનને માધુર્ય અને ગાંભીર્ય અર્પે છે, ગૃહને પાવન કરે છે, અને ધર્મને સુધ્ધા ઉન્નત કરે છે. પણ ધર્મ અથવા રૂઢિથી બળાત્કારેલદાયેલું વૈધવ્ય એ અસહ્ય બોજો થઇ પડે છે, અને ગુપ્ત પાપચાથી તે ગૃહને ભ્રષ્ટ કરે છે અને ધર્મને અધોગતિએ લઇ જાય છે.

જો આપણે આત્મશુધ્ધિ કરવી હોય, જો હિંદુ ધર્મને બચાવવો હોય, તો આપણે બળાત્કારેપળાવવામાં આવતા વૈધવ્યનામહાવ્યાધિમાથી બચી જવું જોઇશે. જેમને ઘેર બાળવિધવાઓ હોય તેમણે હિંમત ધરીને પોતાના રક્ષણ નીચેની બાળાઓનો યોગ્ય રીતે વિવાહ કરી દઈને સુધારો કરવો જોઇએ. વિવાહ કરી દઈને કહું છું, પુનવિવાહ નહીં, કારણ તેમનો વિવાહ ખરી રીતે થયો જ નથી.

## છુટાછેડા

લગ્નથી દંપતીને કેવળ એકબીજાની સાથે એકાંતનો હક ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે તેમને બંનેને એવો મેળાપ ઇષ્ટ લાગે. પણ તેથી એકને બીજાની ઉપર શિરજોરી કરવાનો હક પ્રાપ્ત થતો નથી. જ્યારે દંપતીમાનું એક નીતિના અથવા અન્ય કારણે બીજાની ઇચ્છાને વશ ન થઇ શકે ત્યારે શું કરવું એ અલગ પ્રશ્ન છે. જો છૂટાછેડા એ જ માત્ર ઉપાય હોય તો મારી નૈતિક પ્રગતિ અટકાવવાના કરતાં હું તે ઉપાય લેતા આંચકો ન ખાઉં, - જોકે એમાં પણ કેવળ નીતિને જ કારણે હું સંયમી રહેવા માગું છું એ શરત તો હોવી જ જોઇએ.

મને તો વિવાહિત જીવન બીજા કોઇ પણ જીવન જેટલું સંયમી હોવું જોઇએ એમ લાગે છે. જીવન એ કર્તવ્ય છે, ઉમેદવી છે. વિવાહિત જીવન આલોક અને પરલોકમાંપતિપત્નીના કલ્યાણ અર્થે છે, અને સમાજસેવા અર્થે પણ છે. સંયમધર્મનો ભંગ એક પક્ષ તરફથી થાય તો બીજાને સંબંધ તોડવાનો અધિકાર પ્રાપ્ત થાય છે – શારીરિક સંબંધ નહીં પણ આત્મિક સંબંધ તોડવાનો. એટલે તલ્લાક કે છૂટાછેડાની તો વાત જ નથી. તેઓ છૂટાં પડે છે તે પણ જે ઉદ્દેશને માટે તેઓ ભેગાં છે તે ઉદ્દેશને પાર પાડવા માટે. હિંદુ ધર્મમાં પતિપત્ની બંનેની પ્રતિષ્ઠા સંપૂર્ણ સમાન છે. રામ જાણે ક્યારથી, રિવાજ બીજો જ પડી ગયો છે એ વાત સાચી. પણ મારી તો ખાતરી છે કે મોક્ષ કે જેને માટે જ બંનેએ જન્મ ધર્યો છે તેની પ્રાપ્તિને અર્થે પતિપત્ની બંનેને જે સાધન લેવું યોગ્ય લાગે તે લેવાનેહિંદું ધર્મ સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે.

## સ્ત્રી-સન્માન

મેં તો હંમેશાંમાન્યું છે કે કોઈ સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ તેના શિયળનો ભંગ થઈ જ નથી શકતો. તે ડરની મારી વશ થઈ જાય, અથવા પોતાની પવિત્રતાનું સામર્થ્ય તેને ન લાગે ત્યારે જ તે રાક્ષસી વૃત્તિનામાણસનો ભોગ થઈ પડે છે. જો પેલાનું શારીરિક બળ બહુ વધારે હશે તો તેની પવિત્રતા પેલો તેને વશ કરે તે પહેલાં મરવાનું બળ તેને આપશે.... સીતા રાવણને વશ ન થઇ તો તેની તરફ તે વિષયભરી દૃષ્ટિ પણ ન નાખી શક્યો. તેણે અનેક ઉપાયો દૂરથી લીધા. રાક્ષસીઓનો ભય બતાવ્યો, લાલચો બતાવી, પણ એકે

ઉપાય કામ ન આવ્યો. શારીરિક બળ તો તેનામાં નહીં જેવું હતું (રાવણની તુલનામાં), પણ તેની પવિત્રતા તેની રક્ષાની ઢાલ બની. તેની ઈચ્છા વિના રાવણ તેની પાસે આવી જ કેમ શકે ?બીજી તરફ જો કોઈ સ્ત્રી પોતાના શારીરિક બળ પર કે પોતાની પાસેના હથિયાર પર આધાર રાખે તો પોતાનું બળ ખલાસ થતાં તેની હાર નક્કી છે.

જે સ્ત્રીની ઉપર એવો હુમલો થાય તે એવે વખતે હિંસા અહિંસાનો વિચાર નહીં કરે. એ વખતે પરમ ધર્મ સ્વરક્ષા છે. જે સાધન તે વખતે તેને સૂઝે એ વાપરીએ પોતાની પવિત્રતાની, પોતાની શરીરની રક્ષા કરે, ઈશ્વરે નખ આપ્યા છે, દાંત આપ્યા છે, જે બળ આપ્યું છે તેનો ઉપયોગ કરશે ને તે ઉપયોગ કરતી તે મળી જશે. દરેક પુરુષ કે સ્ત્રી જેણે મરણનો ભય છોડ્યો છે તે પોતે મરીને પોતાની અને સ્વજનમાત્રની રક્ષા કરશે.

વ્યભિચાર દુનિયામાં મૂળથી જ ચાલતો આવ્યો છે પણ આજની પેઠે તે કદી શહેરોમાં લોકોના જીવનનું એક અંગ હતો કે કેમ એ વિષે શંકા છે. ગમે તેમ હોય પણ એક દિવસ એવો આવશે જ આવશે જ્યારે આજ સુધીમાં અનેક કુરિવાજોનો નાશ થયો છે તેમ મનુષ્યજાતિ આ રોગને પણ દૃઢતાપૂર્વક નિર્મૂળ કરશે.

## સ્ત્રી કેળવણી

પુરુષે સ્ત્રી પાસેથી જનસમાજના સ્વાભાવિક હકો છીનવી લેવાનું અથવા તેઓને તે હક્કો ન આપવાનું કારણ વિદ્યાનો અભાવ ન હોવો જોઈએ એ મેં વખતોવખત બતાવ્યું છે. પણ એ સ્વાભાવિક હકોનિભાવવાને સારુ, દીપાવવાને સારુ, તેનો પ્રચાર કરવાને સારુ વિદ્યાની આવશ્યકતા છે જ. વળી વિદ્યા વિના લાખોને તો શુદ્ધ આત્મજ્ઞાન પણ ન નળી શકે.

સ્ત્રી અને પુરુષ એક દરજ્જાનાં છે, એક જ નથી; એ અપૂર્વ જોડી છે, એકબીજાની પૂરણી છે અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ નથી. પણ જો પુરુષ અથવા તો સ્ત્રી સ્થાનભ્રષ્ટ થાય તો બંનેનો નાશ થાય, એ સિદ્ધાંતઉપલીસ્થિતિમાંથી જ નીકળી આવે છે. તેથી સ્ત્રીકેળવણીની રચના ઘડનારે આ વાત નિરંતર યાદ રાખવી જોઈએ. દંપતીની બાહ્ય પ્રવૃત્તિમાં પુરુષ સર્વોપરી છે. તેથી બાહ્ય પ્રવૃત્તિનું વિશેષ જ્ઞાન તેને આવશ્યક છે. આંતરપ્રવૃત્તિમાં સ્ત્રીનું પ્રાધાન્ય છે, તેથી ગૃહવ્યવસ્થા, બાળકોની માવજત, તેઓની કેળવણી વગેરે વિષયોમાં સ્ત્રીને વિશેષ જ્ઞાન જોઈએ. કંઈ પણ જ્ઞાન લેવાની કોઇને બંધી કરવાની અહીં કલ્પના નથી. પણ કેળવણીનો ક્રમ આ વિચારોને ઉદ્દેશીને ઘડાયેલો ન હોય તો બંને વર્ગને પોતાનાં ક્ષેત્રોમાં પૂર્ણતા મેળવવાની તક ન મળે.

મને તો લાગ્યું છે કે, આપણા સાધારણ ક્રમમાં સ્ત્રી અથવા પુરુષ બેમાંથીએકેને સારુ અંગ્રેજી આવશ્યક નથી. કમાણીને અર્થે અને રાજ્યપ્રકરણી પ્રવૃત્તિને સારુ જ પુરુષોને અંગ્રેજી ભાષાના જ્ઞાનની જરૂર હોઈ શકે. સ્ત્રીને નોકરીઓશોધવાની કે વેપાર કરવાની ઉપાધિ વિષે હું માનતો નથી, એટલે અંગ્રેજી ભાષાનું જ્ઞાન છોડી સ્ત્રીઓ જે લેશે, જેને લેવું હશે. તે પુરુષોને સારુ સ્થપાયેલી શાળામાં જ લઈ શકશે. સ્ત્રીઓને સાર સ્થપાયેલી શાળામાં અંગ્રેજી ભાષામાં રહેલો ભારે ખજાનો જેમ પુરુષોને તેમ સ્ત્રીઓને મળવો જોઈએ, એ વાક્ય મેં ઘણેમુખેથી સાંભળ્યું છે અને ઘણે ઠેકાણે વાંચ્યું છે. હું નમ્રતાપૂર્વકકહીશ કે આમાં કંઈક ભૂલ થાય છે. પુરુષોને અંગ્રેજી ખજાનો આપવો અને સ્ત્રીઓને નહીં એવું તો કોઈ કહેતુ નથી.

જેને સાહિત્યનો શોખ છે, તે આખી દુનિયાનું સાહિત્ય સમજવાની ઇચ્છા કરશે, તો તેને રોકી રાખનાર આ જગતમાં જન્મ્યું નથી. પણ જનસમાજની હાજતો સમજીને જ્યાં કેળવણીક્રમ ઘડાયેલો હોય ત્યાં, ઉપર જણાવ્યા એવા સાહિત્યપ્રેમીને સારુ યોજના ન ઘડી શકાય.... સ્ત્રી અથવા પુરુષે અંગ્રેજી ભાષા શીખવામાં પોતાનો કાળ નહીં ગાળવો, એ વચન તેઓનોઆનંદ ઓછો કરવાના હેતુથી નથી બોલતો, પણ જે આનંદ અંગ્રેજી શિક્ષા લેનારા બહુ કષ્ટ વડે લે છે તે આનંદ આપણને સહેલાઈથી મળે એ હેતુથી બોલું છું. પૃથ્વી અમૂલ્ય રત્નોથી ભરેલી છે. બધા સાહિત્યરત્ન અંગ્રેજી ભાષામાં જ નથી. બીજી ભાષાઓ પણ રત્નોથી ભરપૂર છે. એ બધાં મારે તો આમને સારુ જોઈએ. એમ કરવાને તો એક જ રસ્તો છે અને તે એ કે, આપણામાંનાં કેટલાંક જેઓને યોગ્ય શક્તિ હોય તેઓ તે તે ભાષા શીખી તેમાંનાં રત્નો આપણને આપણી ભાષા મારફતે આપી દે.

સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ મળવું જોઈએ એમ હું માનું છું. પણ હું એમ અવશ્ય માનું છું કે સ્ત્રી પુરુષની નકલ કરીને કે તેની સાખેદોડમાં ઊતરીને જગતના હિતમાં પોતાનો ફાળો નહીં આપી શકે. પુરુષની સાથે એ દોડી તો શકશે, પણ તે પુરુષની નકલ કરવા જશે તો જે ઊંચાઇ સુધી ચડવાની પોતાની શક્તિ છે ત્યાં લગી ચડી નહીં શકે. સ્ત્રીએ તો પુરુષનીપૂર્તિરૂપ બનવું રહ્યું. પુરુષ જે કરી જ ન શકે તે એણે કરવાનું છે.

સહશિક્ષણ સફળ થશે કે નહીં એ આજે પણ હું તમને ચોક્કસ કહી શકું નહીં. પશ્ચિમમાં તે સફળ થયું હોય એમ લાગતું નથી. વર્ષો પહેલાં મેં પોતે એનો પ્રયોગ કર્યો છે. ત્યારે હું છોકરાછોકરીઓને વચમાં કશી આડ કે પડદા સિવાય એક જ ઓસરીમાંસુવાડતો. કસ્તૂરબા અને હું તેમની સાથે સૂઈ રહેતાં. મારે કહેવું જોઈએ કે તેના અનિચ્છનીય પરિણામો આવેલા.

... સહશિક્ષણ હજી પ્રયોગની દશામાં છે અને તેના પરિણામ બાબત આપણે એક કે બીજે પક્ષે ચોક્કસ અભિપ્રાય આપી શકીએ એમ નથી. મને લાગે છે કે આપણે પહેલાં કુટુંબથી શરૂઆત કરવી જોઈએ. ત્યાં છોકરાછોકરીઓનોઉછેર સ્વાભાવિક રીતે અને આઝાદીના વાતાવરણમાં થવો જોઈએ. એટલે સહશિક્ષણ આપોઆપ આવશે.

જો તમે શાળામાં સહશિક્ષણ રાખશો ને અધ્યાપન મંદિરોમાં નહીં રાખો તો વિદ્યાર્થીઓ સમજશે કે દાળમાં કઈક કાળું છે. મારાં બાળકો ખરાબ હશે તોપણ હું તેમને જોખમમાં પડવા દઈશ. એક દિવસ આપણે આ કામવૃત્તિ છોડવી પડશે. હિંદુસ્તાન માટે આપણે પશ્ચિમના દાખલા ન શોધવા જોઈએ. અધ્યાપન મંદિરોમાં શિક્ષકો લાયક ને પવિત્ર હશે, નઈતાલીમની ભાવના

તેમનામાં ભરેલી હશે તો કશું જોખમ નથી. દુર્ભાગ્યે થોડા દાખલા એવા બની જાય તોયે ચિંતા નહીં. એવા બનાવો દરેક જગ્યાએ બનવાના.

સંદર્ભસૂચિ

ગાંધીજી, , (1993), **મારા સ્વપ્નનું ભારત**, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-14

દવેજુગતરામ,(2012),**આત્મરચના અથવા આશ્રમ કેળવણી**, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-14

मुखर्जी आशुतोष,(2012), **गांधी और आज का भारत**, रावत प्रकाशन दरियागंज, नई दिल्ही ।